AOP COURSE એઓપી કોર્સ

BILINGUAL INFORMATION GUIDE | ગુજરાતી અને અંગ્રેજી માર્ગદર્શિકા

A Guide for Students and Parents • વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે માર્ગદર્શિકા

Learn • Serve • Build a Bright Future | શીખો • સેવા કરો • ઉજ્જવળ ભવિષ્ય બનાવો

૧. AOP કોર્સ શું છે? | What is the AOP Course?

ગુજરાતી: AOPનું પૂરું નામ Allied Ophthalmic Personnel છે. આ કોર્સમાં વિદ્યાર્થીઓને આંખોની હોસ્પિટલમાં આંખોના ડૉક્ટરને તપાસ અને સારવાર સંબંધિત કામગીરીમાં મદદ કરવા માટે તાલીમ આપવામાં આવે છે.

English: AOP stands for Allied Ophthalmic Personnel. This course provides training to students to assist eye doctors in eye examinations and treatment-related activities in an eye hospital.

૨. કોણ એડમિશન લઈ શકે? | Who Can Apply for Admission?

ગુજરાતી: ધોરણ ૧૦, ૧૧ અથવા ૧૨ પાસ/નાપાસ તથા ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓ એડમિશન માટે સંપર્ક કરી શકે છે.

English: Students who have passed or not passed Standard 10, 11 or 12, as well as graduates, can contact us for admission.

૩. કોર્સનો સમયગાળો | Course Duration

ગુજરાતી: કોર્સનો સમયગાળો ૨ વર્ષનો છે.
• પ્રથમ વર્ષમાં અભ્યાસ અને પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.
• બીજા વર્ષમાં ઇન્ટર્નશિપ અને પ્રેક્ટિકલ તાલીમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવે છે.

English: The course duration is 2 years.
• First Year: Classroom learning and practical training.
• Second Year: Internship and practical training at the hospital.

૪. કોર્સમાં શું શીખવવામાં આવે છે? | What Will Students Learn?

ગુજરાતી: • આંખોની પ્રાથમિક તપાસમાં મદદ કરવી.
• દર્દીઓની તપાસ દરમિયાન ડૉક્ટરને મદદ કરવી.
• OPD અને OT સંબંધિત કામગીરીની તાલીમ.
• આંખોની તપાસમાં વપરાતા સાધનોનો ઉપયોગ.
• દર્દીઓ સાથે યોગ્ય રીતે વાતચીત કરવી.
• સ્પોકન ઇંગ્લિશ, કમ્પ્યુટર તાલીમ અને સોફ્ટ સ્કિલ્સ.

English: • Assisting in basic eye examinations.
• Helping doctors during patient examinations.
• Training in OPD and OT-related activities.

• Using instruments and equipment required for eye examinations.
• Communicating properly with patients.
• Spoken English, Computer Training and Soft Skills.

૫. ફિલ્ડ વર્ક અને આઇ કેમ્પ | Field Work and Eye Camps

ગુજરાતી: હોસ્પિટલની જરૂરિયાત મુજબ વિદ્યાર્થીઓને નીચેની કામગીરી માટે મોકલવામાં આવે છે:
• શાળાઓમાં આંખોની તપાસ (School Eye Screening).
• ચશ્મા પ્રોજેક્ટ (Spectacle Project).
• ટ્રક ડ્રાઇવરો માટે આઇ કેમ્પ (Truck Driver Eye Camp).
હોસ્પિટલ તરફથી સોંપવામાં આવેલી કામગીરી મુજબ વિદ્યાર્થીઓએ હાજર રહીને પોતાની ફરજ બજાવવાની રહેશે.

English: As per the hospital's requirements, students may be assigned to:
• School Eye Screening Programmes.
• Spectacle Distribution Projects.
• Truck Driver Eye Camps.
Students are required to attend and perform duties as assigned by the hospital.

૬. ફી અને આર્થિક સહાય | Course Fees and Financial Assistance

ગુજરાતી: • કોર્સ ફી: ₹૨૦૦ પ્રતિ મહિનો.
• હોસ્ટેલ ફી: ₹૫૦૦ પ્રતિ મહિનો.
• પ્રથમ વર્ષ પૂર્ણ કર્યા પછી બીજા વર્ષમાં ઇન્ટર્નશિપ દરમિયાન ₹૫,૦૦૦ પ્રતિ મહિના સ્ટાઇપેન્ડ આપવામાં આવશે.

English: • Course Fees: ₹200 per month.
• Hostel Fees: ₹500 per month.
• Internship Stipend: ₹5,000 per month during the second year after completion of the first year.

૭. હોસ્ટેલમાં રહેવાની સુવિધા | Hostel Facility

ગુજરાતી: દૂરના વિસ્તારથી આવતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલમાં રહેવાની સુવિધા ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળતા મુજબ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરી શકે છે.

English: Hostel accommodation is available for students coming from distant areas. Students can choose to stay in the hostel according to their convenience while pursuing the course.

૮. કોર્સ પછી રોજગાર | Employment Opportunities After the Course

ગુજરાતી: કોર્સ પૂર્ણ કર્યા પછી વિદ્યાર્થીઓને આંખોની હોસ્પિટલ અથવા આંખોની ક્લિનિકમાં કામ કરવાની તક મળી શકે છે. બીજા વર્ષ પૂર્ણ કર્યા પછી ₹૧૨,૦૦૦ પગાર આપવામાં આવે છે.

English: After completing the course, students may get opportunities to work in eye hospitals or eye clinics. A salary of ₹12,000 is offered after completion of the second year.

૯. એડમિશન માટે જરૂરી ડોક્યુમેન્ટ | Documents Required for Admission

ગુજરાતી: • ધોરણ ૧૦ની માર્કશીટની ઝેરોક્ષ.
• ધોરણ ૧૨ની માર્કશીટની ઝેરોક્ષ.
• આધાર કાર્ડની ઝેરોક્ષ.
• લિવિંગ સર્ટિફિકેટ (LC)ની ઝેરોક્ષ.
• પાસપોર્ટ સાઇઝના ૪ ફોટા.

English: • Photocopy of Standard 10 Marksheet.
• Photocopy of Standard 12 Marksheet.
• Photocopy of Aadhaar Card.
• Photocopy of School Leaving Certificate (LC).
• Four passport-size photographs.

૧૦. અરજી કરવાની રીત અને ખાસ સૂચનાઓ | Application Process and Important Instructions

ગુજરાતી: • વિદ્યાર્થીએ અરજી કોરા કાગળ પર પોતાના હાથે લખીને આપવાની રહેશે.
• અરજી સાથે ઉપર જણાવેલા તમામ ડોક્યુમેન્ટની ઝેરોક્ષ નકલ જોડવાની રહેશે.
• કોઇપણ ઓરિજિનલ ડોક્યુમેન્ટ જમા કરાવવાના નથી.
• તમામ ઓરિજિનલ ડોક્યુમેન્ટ વિદ્યાર્થીએ પોતાની પાસે જ સાચવીને રાખવાના રહેશે.

English: • Students must submit a handwritten application on plain paper.
• Photocopies of all the above-mentioned documents must be attached with the application.
• Original documents must not be submitted.
• Students must keep all their original documents safely with them.

૧૧. વધુ માહિતી અને સંપર્ક | Contact Details for More Information

ગુજરાતી: તેજસ આઇ હોસ્પિટલ / દિવ્યજ્યોતિ ટ્રસ્ટ
અમલસાડી, માંડવી, સુરત, ગુજરાત.
ફોન: ૦૨૬૨૩-૨૨૧૧૮૦, ૨૨૨૦૮૦, ૨૨૨૦૯૦

English: Tejas Eye Hospital / Divyajyoti Trust
Amalsadi, Mandvi, Surat, Gujarat, India.
Phone: 02623-221180, 222080, 222090

૧૨. ડિપોઝિટ અંગેની માહિતી | Security Deposit Information

ગુજરાતી: • એડમિશન લેતી વખતે વિદ્યાર્થીએ ₹૫,૦૦૦ ડિપોઝિટ તરીકે જમા કરાવવાના રહેશે.
• એક વર્ષનો કોર્સ અને ત્યારબાદ એક વર્ષનું ઇન્ટર્નશિપ/તાલીમનું વર્ષ પૂર્ણ કર્યા પછી ડિપોઝિટની રકમ પરત આપવામાં આવશે.
• ડિપોઝિટ ભર્યા બાદ મળેલી રસીદ વિદ્યાર્થીએ સાચવીને રાખવાની રહેશે.
• ડિપોઝિટની રકમ પરત મેળવવા માટે મૂળ રસીદ રજૂ કરવી ફરજિયાત છે. રસીદ સાચવીને નહીં રાખનાર વિદ્યાર્થીઓને ડિપોઝિટની રકમ પરત મળવાપાત્ર રહેશે નહીં.

English: • Students must deposit ₹5,000 at the time of admission as a security deposit.
• The deposit amount will be refunded after completion of one year of the course followed by one year of internship/training.
• Students must keep the deposit receipt safely.
• The original receipt is compulsory to claim the refund. Students who fail to preserve the receipt will not be eligible for a refund.

૧૩. કોર્સ પૂર્ણ થયા પછી નોકરી | Job Opportunities After Course Completion

ગુજરાતી: આ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને આંખોની હોસ્પિટલ અથવા આંખોની ક્લિનિકમાં નોકરી મેળવવાની તક મળી શકે છે.

English: After successfully completing this course, students will have opportunities to seek employment in eye hospitals or eye clinics.

TEJAS EYE HOSPITAL | DIVYAJYOTI TRUST
Smt. Nipuna Vijay Hirachand Dalia Family Campus,
Kim road, Amalsadi, Mandvi, Surat, Gujarat, India
ફોન / Phone: 02623-221180 • 222080 • 222090